૫ જૈન દાનવીરો

(લેખક–આચાર્યશ્રી મુનિ ન્યાયવિજયજી)

૧ ભવડશાહ.

આ જૈન દાનવીર ગૃહસ્થ વિક્રમની પ્રથમ સદીમાં વિદ્યમાન હતો, અત્યારે તેને શતાબ્દિઓ વહી ગયા છતાં આ બહાદુર નરની કીર્તિ જૈન ઇતિહાસમાં જ્વલંત ભાવે પ્રકાશી રહેલ છે. જૈન ઇતિહાસકારો–ગ્રંથકારોની ભાવડનાં યશસ્વી કામોની નોંધે તેના યશને ચિરકાલીન બનાવ્યો છે. શત્રુંજયમાહાત્મ્યના કર્તા સુપ્રસિદ્ધ વિદ્વાન શ્રી ધનેશ્વરસૂરિએ પોતાના ગ્રંથમાં તેનાં યશોગાન બહુ લંબાણપૂર્વક કર્યાં છે; અને ત્યાર પછીના બીજા ગ્રંથકારોએ પણ તે યશસ્વી પુરુષના યશ હર્ષભેર ગાયા છે. જૈન ત્યાગી મુનિવરો કે જેઓએ કદી પણ કોઇનાં ખોટાં કથન નથી કર્યાં, તેઓ પણ જ્યારે એક ગૃહસ્થના આટલી હદે ગુણ ગાય એ જ તેની મહત્તા અને ગૌરવને માટે બસ છે.

ભવડના પિતા ભાવડ મૂળ કાંપિલ્યપુરમાં રહેતા હતા. તેઓ પહેલાં તો કોટયાધિપતિ શેઠ હતા અને તેમનું નામ કાંપિલ્યપુરમાં સારા પ્રતિષ્ઠિત ગૃહસ્થ તરીકે પ્રસિદ્ધ હતું. ભાવડ વેપારમાં બહુ સાહસિક ગૃહસ્થ હતો. તે દેશપરદેશમાં વહાણો ભરી ભરી પોતાનો માલ મોકલતો અને બદલામાં ધન લાવતો. એક વખતે તે સાહસિક વેપારીએ પોતાની સઘળી મિલ્કતનો માલ લઇ વહાણો ભરી પરદેશ મોકલ્યાં, પરંતુ તેનું નસીબ વાંકુ હોવાથી રસ્તામાં જ તેનાં વહાણો સમુદ્રદેવને આધીન થયાં. ભવડ જેટલો તવંગર હતો તેટલો જ ગરીબ થઇ ગયો. પરંતુ “ભાગ્યું તોય ભરૂચ” એ હિસાબે તેની ખાનદાની અને તેની પ્રતિષ્ઠા કાંઇ ઓછાં નહોતાં થયાં. પોતે ધીમે ધીમે વેપાર કરવા લાગ્યો અને બાકીનો સમય ધર્મકાર્યમાં કહાડવા લાગ્યો. એક વખતે એક સાધુ તેને ત્યાં “ગૌચરી” આવ્યા અને તેનું ભાગ્ય ચડતું જોઇ મુનિવરે તેને કહ્યું કે–મહાનુભવ કાલે તમારે ત્યાં કોઇ ઘોડી લઇને આવે તો તમે તે ખરીદી લેજો, અને તેનું યોગ્ય લાલનપાલન કરજો. તમારો ભાગ્યરવિ હવે ઉદય થવાની તૈયારીમાં છે. ભાવડ મુનિવર્યનું આ વચન સાંભળી ખુશી થયો અને આ પરોપકારી મુનિશ્રીનો આભાર માન્યો.

બીજે દિવસે તેને ત્યાં એક વેપારી ઘોડી લઇને આવ્યો. ભાવડે મુનિશ્રીનાં વચન પ્રમાણે મોંમાગ્યા દામ આપી તે ખરીદી લીધી. તેણે તેનું યોગ્ય લાલનપાલન કરી મોટી કરી. તેણે એક વછેરાને જન્મ આપ્યો. ભાગ્યનો જાણે કોઇ અદ્વિતીય રવિ હોય તેમ તેની અદ્દભુત કાન્તિ હતી. આ સિવાય સૂર્યના કિરણો સરખા બીજા વછેરાનો તેએ જન્મ આપ્યો. ભાવડે તે બધા વછેરાને ખુબ ખવડાવી પીવડાવી પુષ્ટ કર્યા. જે પહેલું બચ્ચું હતું તે તો એક અશ્વરત્ન હતું. તે સારા રાજવીને ત્યાં શોભે તેવું હતું. આ અશ્વરત્નની કીર્તિ ચોતરફ ફેલાઇ અને ઘણા ઘણા રાજાઓએ તેનાં માગાં કર્યાં, પરંતુ તેણે કોઇને તે આપ્યો નહિ. એ વખતે તપન રાજાએ તે ઘોડાની કીર્તિ સાંભળી અને તેનું માગું કયુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેણે ત્રણ લાખ દ્રવ્યથી તે ઘોડો ખરીદી લીધો. ભાવડનું ભાગ્ય હવે બરાબર ઉદય થવા માંડયું. તેણે ઘોડીથી થયેલાં બીજા બચ્ચાં મહારાજા વિક્રમને ભેટ આપ્યાં. ઉદાર દિલના રાજાએ આના બદલામાં તેને મધુમતિ (મહુઆ) આદિ બાર ગામનો રાજા-સુબો નીમ્યો. ભાવડ ગરીબ મટી પહેલાં કરતાં પણ વધારે સુખી થયો. તેણે મધુમતિમાં ખુબ ઠાઠથી પ્રવેશ કર્યો અને પોતાનાં બાર ગામ સંભાળ્યાં. આગળના વાણીયા કેવા બુદ્ધિકુશળ હતા તેનો આ નમુનો છે. જે શેઠીઓ પહેલાં પોતાની કલમના બળથી વહીવટ ચલાવતો હતો તેણે હવે પોતાના બુદ્ધિબળથી રાજવહીવટ ચલાવવા માંડયો. રાજાએ તેને રાજા બનાવ્યો કે તરત જ મારાથી રાજ્ય થશે કે કેમ તેનો વિચાર કર્યા સિવાય એકદમ બાર ગામ સંભાળ્યાં, અને એક સુનિપુણ રાજાની પેઠે પોતાનો રાજ વહીવટ દીપાવ્યો. ભાવડને અહિયાં તેની સ્ત્રી ભાવલાથી એક પુત્રરત્ન ઉત્પન્ન થયું.[1] અને તેનું નામ ભવડ (આ ચરિત્રનાયક) પાડયું. ભાવડે પોતાના પુત્રને યોગ્ય અવસ્થા થયા પછી યોગ્ય કેળવણી આપી તેનાં ઘેટીના શેઠની પુત્રી સુશિલા સાથે સ્વયંવરથી લગ્ન કર્યા.

થોડા વખત પછી વૃદ્ધ ભાવડ સ્વર્ગે ગયો અને તેના બહાદુર પુત્રે રાજકારભાર સંભાળ્યો. ભાવડે પોતાના પિતાની પેઠે ન્યાય અને નીતિથી પ્રજાનું પાલન કર્યું. તેણે પોતાની પ્રજાના સુખને માટે વાવ, કુવા તળાવ આદિ સગવડો બનાવી પ્રજાના આશિર્વાદ મેળવ્યા.

એક વખતે અચાનક મોગલ સૈન્ય ત્યાં ચડી આવ્યું.[2] મોગલ સૈનિકો સાથે ભવડ હાર્યો અને બાદશાહ તેને તથા બીજા ઘણા માણસોને પોતાની સાથે લઇ ગયો. પરંતુ ત્યાં ગયા પછી મોગલ બાદશાહ તેની સાથે બહુ ઉદારતાથી વર્ત્યો હોય તેમ જણાય છે કારણ કે તે ત્યાં રહીને પણ પોતાના ધર્મની ક્રિયા ખુશીથી કરતો હતો. આને માટે રાસકાર લખે છે કેઃ-

આ રજ દેશ જેમ આપણા ન્યાતિ વસાવિસ્યે વાસ રે
તિહાપિણિ ચૈત્ય કરાવિસ્યે, મહારો ધર્મ અભ્યાસરે. ૬

આ. કા. મ. પૃ. ૬૬૧

ભાવડ જ્યાં રહેતો હતો ત્યાં વિહાર કરતા જૈન મુનિઓ આવે છે. (આ ઉપરથી એમ લાગે છે કે આ નિસ્પૃહી મુનીશ્વરો ઉપદેશને માટે મ્લેચ્છ દેશમાં પણ ફરતા હશે-હતા)

---

૧ આ પુત્ર કેવો થશે તેને માટે શત્રુંજય રાસના કર્તા કહે છે કે-

સૂરજ સપ્ત અશ્વે કરી, એક ભુવન દીપાવે તેહરો
એહનો સૂત તિનલોકને કરિસ્યે ઉદ્યોત ગુણ ગેહરો.

આનંદકાવ્ય મહોદધિ પૃ. ૬૫૬

૨ આ મોગલ બાદશાહનું નામ નથી આપ્યું પરંતુ શત્રુંજય રાસના કર્તા તેનો ઉલ્લેખ આ પ્રમાણે કરે છેઃ-

દુઃખમ કાલના મહાત્મથી મુગલ તણા બલ જોર રે
સમુદ્રના પુર જેમ સહુ ધરા લેસ્યે પ્રાણ જેમ બહુ ફેર રે

આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૩-૪ પૃ. ૬૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને શત્રુંજય માહાત્મ્ય ભાવડને સંભળાવે છે. ભાવડ તેમાં શત્રુંજય તીર્થના ઉદ્ધાર કરનાર તરીકે પોતાનું નામ સાંભળી આશ્ચર્ય પામે છે અને ઉત્કંઠાસર પૂછે છે કે એ ભાવડ હું કે કોઇ બીજો. મુનિઓ પોતાના જ્ઞાનથી જોઇ તેને કહે છે કે તે ભાવડ તમે જ છો.

પછી ભાવડે તે મુનિઓના કહેવા પ્રમાણે ઘેર જઇ ઉપવાસ શરૂ કર્યા. ત્યાગ અને તપસ્યા એ આપણા આર્યાવર્તનું મુખ્ય શસ્ત્ર છે. તેના બળથી અને તેની શક્તિથી ગમે તેવા જાલિમને પણ નમાવવો સહેલ છે. આપણા પૂર્વના ઋષિમુનિઓએ ત્યાગ અને તપસ્યાના બળથી ઇંદ્રિનાં ઇંદ્રાસન પણ ડોલાવ્યાં છે. તો પછી ભાવડે એક માસના ઉપવાસ કર્યા તે તેને કેમ નિષ્ફળ જાય ? તેને દૈવી સહાય મળે તેમાં કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી અને દૈવી સહાય માગી એટલે ચક્રેશ્વરી દેવી ત્યાં સાક્ષાત્ પધાર્યા અને તેને સહાય આપી. ભાવડ દેવીની સહાયતાથી તક્ષશિલાથી આદિનાથ પ્રભુની સુંદર પ્રતિમા લઇ તે સહિત વહાણમાં બેસી મધુમતિ (મહુઆ) આવ્યો.

હવે ભાવડનો ભાગ્યરવિ મધ્યાહ્ન લગભગ આવી પહોંચ્યો. પોતે મહુઆ આવ્યો કે થોડા દિવસ પછી તેનાં પહેલાંનાં માલ ભરીને ગયેલાં વહાણો પણ આવ્યાં. આ બાજુ જ્યારે કીંમતી ભરેલાં વહાણો આવ્યાં ત્યારે બીજી બાજુ બાલબ્રહ્મચારી પ્રખર વિદ્વાન આચાર્યવર્ય શ્રી વ્રજસ્વામી ત્યાં પધાર્યા. વહાણ અને આચાર્ય આવ્યાની વધામણી એક સાથે તેની પાસે આવી. તેને વિચાર થયો કે પહેલાં આચાર્ય પાસે જાઉં કે વહાણની ખબર કહાડવા જાઉં ? આ સંબંધે ખુદ રાસકાર બહુ સારી રીતે વર્ણન કરે છે તો તેમના શબ્દોમાંજ જણાવું તે વધારે ઉચિત ગણાય.

બીજે દ્વાદશ વરસને, પ્રાન્તે આવ્યા પોત
કહિ આનંદ ઉપજાવિસ્યે, કનકધાતુ ભૃત ઓપ. ૭
તીણે ચિત્ત ડોલાવ્રિઓ તે ચિંતિવસ્યો એમ
પાપકર લક્ષ્મી કિહાં, કિહાં મુનિ પૂજ્ય સુપ્રેમ. ૮

... ...

ચિંતે ભવડ મનમાંહિરે, ધરમ તણી કરણી સારીઓ,
બીજે નહિ છે કોઇ રે
પહિલી નમિસ્યું વ્રજમુનિને, સુણસુ તેહની વાણીરે;
તેહના દરસણથી તે આવસ્યે, લખમી પિણિ ખંચાણીરે ચિં ર
એહવો ચિંતવી ઉત્તમ નરને, જંગમ તીરથ આવેરે
મહા મહોછવ લોક સંઘાતે, વાંદિસી ભવડ ભાવેરે. ચિં. ૩

આવી રીતે તે લક્ષ્મીને તુચ્છ ગણી આચાર્યને વંદવા જાય છે અને ત્યારપછી વહાણ ઉતારવા જાય છે.

આચાર્યશ્રીએ તેને શત્રુંજય તીર્થના ઉદ્ધાર માટે ઉપદેશ આપ્યો. આચાર્યશ્રીના સચોટ ઉપદેશથી પ્રતિબોધ પામી મહાન્ સંઘ કહાડી આચાર્ય સહિત પોતે શત્રુંજય ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં જઇ શત્રુંજય પર્વતને તેણે દુધથી પખાળ્યો-ધોયો અને તે પવિત્ર થયેલા ડુંગર ઉપર પ્રતિમા સહિત ત્યાં ગયો. પરંતુ ત્યાંનો જુનો દેવ કે જે હિંસક થઇ ગયો હતો તેણે તેને નવી પ્રતિમા બેસાડવા ન દીધી અને ભવડે દિવસે પધરાવેલી પ્રતિમાને નીચે મુકી આવ્યો. જુના દેવે તેને આ પ્રમાણે એક વાર નહિ પરંતુ ઘણી વાર હેરાન કર્યો એટલે તેણે પોતાના ગુરુ આચાર્યવર્યશ્રી વ્રજ સ્વામીને[1] બધી બીના કહી.

વ્રજસ્વામીએ તે દુષ્ટ દેવને શિક્ષા કરી નવા દેવને સ્થાપ્યો. આને માટે પણ રાસકાર કહે છે કેઃ—

કેતલેકે અસુરે હો, કૃત દુષાતમા
અનરથ ઇચ્છાઇ હો, તે અધમાધમા ૧૯
એભ્રસ્પદ વર્ણું હો, બ્રાહ્મ નૂતનમાં હે
થાપું ઇમચિંત વીરો, ઉધરસ્યે નાહે ૨૦ આ. કા. મ. પૃ. ૬૬૯

વ્રજસ્વામી મંત્રે હો, સ્થંભ્યા અસુરસહુ
કરિ ન સકે ઉપદ્રવ હો, કરિસ્યે રાવ બહુ ૨૧
... ...
પૂરવયક્ષ બિહંતોરો, નાસી સમુદ્ર તટે
ચંદ્રપ્રભાસક્ષેત્રાંતે હો, રહિસ્યે ગુપ્ત વટે ૨૬

આવી રીતે દુષ્ટ દેવને શિક્ષા કરી નવા દેવની સહાયથી નવા ગગનચુંબી ભવ્ય મંદિરમાં શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમા બેસાડી. આ સમયનું વર્ણન પણ રાસકાર બહુ સુંદર રીતે આપે છે. પરંતુ લંબાણના ભયથી તેને સ્થાન નહિ આપું. હવે પ્રતિષ્ઠા પુરી થયા પછી ધ્વજા ચડાવવાનો દિવસ આવ્યો. તે દિવસે ખુબ હર્ષથી સારી પેઠે પૈસાનો વ્યય કરી ભવડ અને તેની સ્ત્રી સુશિલા ધ્વજા ચડાવવા શિખર ઉપર ચડયાં અને ત્યાં પોતાના આત્માને ધન્ય માનતો નીચે પ્રમાણે ભાવના કરવા લાગ્યો.

અદ્‌ભુત એહ પૂણ્ય મેં કીધો, વલી કર્મ વસિ પ્રાણી
આર્તરૌદ્ર ધ્યાનાદિક કરીને કલંકિત આતમ પ્રમાણીરે ૬૭૧

આ પ્રમાણે ભાવના કરતાં હર્ષના અતિરેકથી ભવડ અને તેની સ્ત્રીનું હૃદય ફાટી ગયું અને ત્યાં મૃત્યુ પામી સ્વર્ગે ગયો.

એ સંસાર વાસ મુકીને, શ્રીજીન ધ્યાન સનાથે
કર્મ ખપાવો જો હું મહારા, સિદ્ધિ થાયે મુજ હાથે રે ૧૦
શેઠ શેઠાણી એમ ચિંતવતાં આતમ ભાવ વસાવે
નિકલંક શુભ ધ્યાન ક્ષણિઇકમાં, થાસ્યે આતમ ભાવે રે ૧૧

---

૧ આ વ્રજસ્વામી બહુ પ્રતિભાસંપન્ન મહાપુરુષ હતા. તેમણે દક્ષિણના તે વખતના પ્રસિદ્ધ બૌદ્ધ સમ્રાટને પ્રતિબોધી જૈન બનાવ્યો હતો. તેમને તેમની માતાએ ત્રણ વર્ષની નાની ઉમ્મરે તેમના પિતા-સાધુને વહેરાવી દીધા હતા એટલે તેમણે બહુ નાની ઉમ્મરે દીક્ષા લીધી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણા વરસ આ ઉંખુ પાલી અંત સમય શુભ ભાવે
મરી ઉતરાં ચોથે સુર લોકે, એ જણુ સુર સુખ પાવે રે ૧૨

શત્રુંજય ઉપર અઢળક દ્રવ્ય વાપરી જેમ પોતાની દાનવીરતા દેખાડી છે તેમ તે વખતે કવિઓને ભાટચારણોને યાચકોને અને ગરીબોને પુષ્કળ દ્રવ્યથી નવાજી પોતાની દાનવીરતા દેખાડવામાં તેણે ક્યાશ નથી રાખી.

૨ ખેમાદેરાણી.

મહમદ બેગડાના સમયમાં એક ભયંકર દુષ્કાલ સમયે એક વર્ષ સુધી દેશને મફત અન્ન પુરૂં પાડી વાણીયાઓની "શાહ" પદવી કાયમ રાખનાર હડાલાનો ખેમો શેઠ હતા. તેનો સંબંધ નીચે મુજબ છે.

ગુજરાતમાં પવિત્ર પાવાગઢની તલેટીમાં ચાંપાનેર નગરમાં એક વખતે કેવી જાહોજલાલી હતી તે ઇતિહાસવાચકોથી અજાણ્યું નહિ હોય. મહાન વીજયી મહમદબેગડો[1] ગુજરાતમાં રાજ્ય કરતો હતો ત્યારે તેનો માનીતો ઉમરાવ સાદુખાન ચાંપાનેરનો સુબો હતો તથા તે જ વખતે ચાંપાનેરનો નામીચો નગરશેઠ ચાંપશી મહેતો હતો. એક વખતે ચાંપાશી શેઠ સમસ્ત મહાજન સાથે રાજ દરબારમાં જતો હતો ત્યારે સાદુલખાનનો રસ્તામાં ભેટો થયો અને પછી બન્ને સાથે સાથે રાજમહેલ તરફ ચાલવા લાગ્યા. તે વખતે બોલવામાં ચાલાક બંભા ભાટ બેઠો હતો. તેણે ઉભા થઇ સુબા સામે આવી પોતાના જાતિસ્વભાવ પ્રમાણે ઉમરાવનાં કેટલાક સામાન્ય વખાણ કર્યાં અને પછી મહાજનની સન્મુખ ઉભા રહી હાથ જોડી તેમનાં પણ કેટલાંક બીરુદ ગાયાં. તે મહાજનને ઉદ્દેશીને બોલ્યો કે—

બરદ કહે દકાલ દોહથ્થ, રાપેં બંધ છોડણ સમરથ.
રાયેં થાપના ચારજરૂપ જીવોજીવદયા પ્રતિભૂપ.
કરણિ કુબેર બરદ બહુધાર વડહથ જગડું અવતરિ
બંભે કહી કીરત અત્ય ઘણી તવ તેં શ્રવણે ખાંને સુણી

આવી રીતે કરણીમાં કુબેર સરખા અને જગડુના અવતાર સરખા ઇત્યાદિ વિશેષણો આપ્યાં. સાદુલખાને આ વિશેષણો બાદશાહને કહી સંભળાવીને કાન ભંભેર્યા કે—જહાંપના આ ભીખારીની જાત તમારૂં ખાઇને વાણીયાને વખાણે છે. કાચા કાનના શાહે સહેજ પણ આડોઅવળો વિચાર કરવાની તસ્દી લીધા સિવાય જ બંભભાટને પકડી મંગાવવા હુકમ કર્યો, આથી સાદુલખાન ખુશી થયો. પરંતુ ચાંપશી શેઠને ચિંતા થઇ કે "ભૂંડી થઇ-પણ હશે જે થવાનું હતું તે થયું" થોડી વારમાં તો ત્યાં ભાટ આવ્યો તેને દેખી પાદશાહે પૂછ્યું કે—તમો મારૂં અન્ન ખાઇ બકાલનાં ખોટાં વખાણ કરો છો તે કેમ? બટાકબોલા નીડર

---

[1] કહેવાય છે કે તે ૧૭૦૦૦ ગુર્જરનો ધણી હતો. તેની પાસે ઉત્તમ સવા લાખ ઘોડા, દશ હજાર હાથી, સીત્તેર ખાન અને બહોંતેર ઉમરાવની સાહ્યબી હતી. બીજા ઘણાય રાવરાણા તેની તાબેદારી ઉઠાવતા-તેના કદમમાં શીર ઝુકાવતા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાટે ચોકખો ઉત્તર આપ્યો કે–હે પાદશાહ અમે વાણીયાની સ્તુતિ કરીયે છીએ તે ઠીક કરીએ છીએ. અમે તો માત્ર તેમનાં વડવાનાં જે બીરૂદો હતાં તે ગાઇયે છીએ. કરણીમાં કુબેર સરીખા અને દુકાળના દોહથ્થ વિગેરે બીરૂદાવલી તેમના સુવિખ્યાત દાનેશ્વરી વડવા જગડુથી તેમને પ્રાપ્ત થઇ છે. કારણ કે સંવત ૧૩૧૫માં દુકાલ પડયો જે પનરોત્તરા તરીકે હજી પણ પ્રખ્યાત છે, તે વખતે ભદ્રેશ્વરના જગડુશાહે રાવરાણા, રંક, જતી, સતી આદિ ઘણા જીવોને બચાવ્યા હતા. હજી પણ કહેવાય છે કે એવો મોટો દુકાળ હજીસુધી કોઇ પડયો નથી અને જગડુ જેવો દાતા કોઇ જન્મ્યો નથી. આ શબ્દ સાંભળતાં પાદશાહને પગથી માથા સુધી ઝાળ લાગી અને ક્રોધથી ધુંધવાતી આંખે તે ભાટ સામે જોઇ રહ્યો. બાદશાહે હૃદયમાં તે બીનાનો ડાઘ રાખી સભા બરખાસ્ત કરી મહેલનો રસ્તો પકડયો. આ તરફ નગર શેઠે બંભને કહ્યું કે—મોટા સામે વાદ કરવો નહીં તેમાં હાર્યાં તોય નુકશાની છે અને જીત્યા તોય ગેરલાભ છે.

કહે શેઠ કીજે નહીં વડા સરીખું વાદ—
હારે જીતે રાણ હુઇ વાત વધે વિખવાદ

આથી ભાટ બોલ્યો કેઃ—

શેઠ પ્રત્યે શું કવ્ય કહે એવો અમ આચાર,
બોલું બોલ ન પાલટું જો કોપ્યો કીરતાર;

એટલે—કદી પરમેશ્વર કોપે તો પણ બોલેલ બોલ ઉથ્થાપવાનો નથી.

કાયર ખડગ ને કૃપણ વચન કાચબકોટ નિધાન
જ્ઞાની દાન ભટવચન એ ગજદંત સમાન

આ સાંભળી શેઠ ચુપ થઇ ગયો. ભાટે વળી કહ્યું કે-

લોહા રસોઇજીને કવ્યજી આ મોંલે નહોઇ મુલ,
દાતા જયમ દેતો થકો ન ગણે પાત્ર કુપાત્ર;
બોલ્યું ભાટ ન સંસહે મરણ તૃયણા માત્ર.

આ સાંભળી શેઠે કહ્યું–ફીકર કરશો નહિં. રાજા મુખેથી જે માંગશે તે આપીશું. આમ કેટલીક મુદત ગયા પછી એક વરસ નરસું આવ્યું અને બીલકુલ વરસાદ પડયો નહિં, જેથી અન્ન પાણી વિના લોકો બહુ હેરાન થવા લાગ્યા. પિતા પુત્રને ન જોઇ શકે અને ભાઇ ભાઇને ન જોઇ શકે. આ પ્રમાણે પાદશાહે ઠેકાણે ઠેકાણે લોકોને દુઃખી થતા જોયા, દુર્બલોના દયાર્દ પોકાર સાંભળ્યા તથા દીવાન પાસેથી દુકાળની હકીકતના વાકેફગાર થઇ બંભ ભાટને બોલાવ્યો અને કહ્યું કે–તમો વાણીયાની વડાઇનાં બીરૂદ ગાતા હતા તેનો પ્રકટ દાખલો બેસાડો. જો વાણીયા દરેકને અન્ન આપે તો તેમનું બીરૂદ સાચું, નહીં તો ગાનાર અને ગવરાવનાર બન્ને ગુન્હેગાર છે. ભાટ ત્યાંથી ઉઠી શેઠ પાસે આવ્યો અને મહાજન ભેગું કરી તેમની બીરૂદાવળી બોલવા લાગ્યો.[1]

---

૧ મહાજન અસમે સમો કરે, કરે તે ઉત્તમ કાજ, આગળબુદ્ધી વાણીયા, સોમે દીઠા આ ૪૯
લીય દીયે લેયે કરી લાખ કોટ ધન ધીર, વણીક સમો કો અવર નહી ભરણ ભૂપ મંગર ૫૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહુ બીરૂદાવલી કહ્યાં પછી વળી પાછો ભાટ બોલ્યો–તમારાં બીરૂદ માટે બાદશાહ સાથે રોડ થઇ છે. બાદશાહ કહે છે કે કાંતો મહાજન અન્નદાન દઇ પોતાનું બીરૂદ ખરૂં કરી બતાવે અથવા તો તે બીરૂદ છોડી દે.

પછી મહાજનની સલાહ લઇને ભાટ બાદશાહ પાસે ગયો અને એક માસની મુદત માગી જણાવ્યું કે કાંતો મહાજન મહીનામાં અન્નદાન પુરૂં પાડવાના નિશ્ચય ઉપર આવશે અથવા તો પોતાનું બીરૂદ–નુર છોડી દેશે. બાદશાહે તે વાત કબુલ રાખી. હવે શું કરવું તેને માટે સમસ્ત મહાજન ભેગું થયું. (નાના મોટા બધાય મહાજન કહેવાય) મુખ્યમાં નગરશેઠ ચાંપશી મહેતા અને તેમના ભાઇ કરમશી, કલ્યાણ, કમલશી, વેમલશી, તેરશી, પ્રતાપ, પદમશી[1]......માણેકચંદ, લાલજી, લક્ષ્મીચંદ આદી મહાજનસમસ્ત એકઠું થયું. ચાંપશી મહેતાએ કહ્યું કે એક દીવસ હું આપીશ. બીજા ચાર જણે મળી એક દીવસ લીધો. એમ એકંદર સર્વેના દીવસો મેળવતાં ચાર મહીના થયા. હવે બાકી રહેલા મહીનાનો ખર્ચ લેવા તે વખતના પ્રખ્યાત સમૃદ્ધિશાળી પાટણ તરફ તેમની નજર ગઇ અને તેઓ ત્યાં જવા તૈયાર થયા. તેમાં ખુદ નગરશેઠ પોતે જ ખાસ નીકળ્યા અને બીજા પણ સારા પ્રતિષ્ઠિત ગૃહસ્થો નીકળ્યા. પાટણ નજીક તેઓ પહોંચ્યા ત્યારે પાટણના સમૃદ્ધિશાળી શેઠીઆઓએ ચાંપાનેરના મહાજનનું સારૂં સ્વાગત કર્યું. પાટણના મહાજને બે મહીના માથે લીધા એટલે તેઓ ત્યાંથી વેરાટ ગયા અને ત્યાંથી દસ દીવસ લખી આવ્યા. પાટણ અને વેરાટ વચ્ચે વીસ દીવસ તો નીકળી ગયા. હવે એક મહીનામાંથી માત્ર દસ દીવસ રહ્યા અને તેટલા દીવસમાં તો ચાંપાનેર જઇ પાદશાહને કહેવાનું રહ્યું. જો તેમ ન થાય તો પોતાની નેક અને–બીરૂદ જાય ને ભાટ પણ આપઘાત કરીને મરી જાય. મહાજનને આ ખરેખરી કસોટીનો સમય હતો. તોય મહાજન વેરાટ (ધંધુકા) થી ધોળકે જવા નીકળ્યા. રસ્તામાં હડાળા ગામ આવ્યું. હડાળા નીવાસી ખેમાદેરાણીને ખબર પડી કે ચાંપાનેરનું મહાજન ગામની ભાગોળે થઇને જાય છે. એટલે એ મેલાં લુગડાંવાળો ખેમો શેઠ મહાજનની સામે ગયો અને કહેવા લાગ્યો કે મારી માગણી સ્વીકારો, અને એ પ્રમાણે વિનંતી કરવા લાગ્યો.

મેલાંઘેલાં કપડાંવાળા આ વાણીયાની અત્યંત આજીજી ભરેલી વિનંતી સાંભળી નગર· શેઠને વિચાર થયો કે–

મેં તો મન માંહે વીચ્યારે ધન માગે મુઝ સહુ પાસે.

ત્યાર પછી શેઠે કહ્યું કે વીચારીને જે માગવું હોય તે ખુશીથી માગો. ત્યારે ખેમાએ કહ્યું કે મારે ઘેર છાસ (ભોજન) પીને જજો. ખેમાની આ વિનંતી સાંભળી ભોજનનું નોતરૂં પાછું ન ઠેલાય એમ વિચારી તેની વિનંતી સ્વીકારી મહાજન તેને ઘેર ગયું. ત્યાં ખેમાએ તેઓને બહુ સારી રીતે ભોજન કરાવ્યું અને તેનું ખરેખરૂં વર્ણન કાવ્યકાર પોતે જ બહુ સારી રીતે આપે છે.

માંડી થાળ અનોપમ લાવે સાકરનો શીરો પ્રીસાવે
દાંત જોર કાંઇ ન કરાવે ઘરડાં બુઢાં તેપણ ચાવે. ૯૫

---

૧ બીજાં નામો ઘણાં છે પરંતુ લંબાણના ભયથી નથી આપ્યાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સીયાલામાં ઘણેરો ભાવે તેનો ગુણ કહ્યો ન જાવે.
પાસે પાપડ વડી પીરસવે તે તો કેર કેરી અણાવે. ૯૬
મેલમલીઓ છે હુરમકેરો સર્યો રસ ધૃત ઘણેરો.
સાકર પીરસી અતી ચતુરાઇ પ્રેમે ઘણી કીધી ભલાઇ. ૯૭

આવી સારી રીતે મહાજનની ભક્તિ કરી બધાને જાયફળ પાન સોપારી આદી મુખવાસ આપ્યા પછી બધા ડેરે ભેગા થયા. શેઠ પણ ત્યાં આવી બેઠા. એટલે ખેમે વિનયથી પુછ્યું કે મહાજન શા સારૂ બહાર નીકળ્યું છે તે મને કૃપા કરી જણાવો. ત્યારે ચાંપસી શેઠે ટીપના કાગળમાં ખેમાનું નામ લખી કાગળ આપ્યો અને અથ થી ઇતી સુધી બધી બીના કહી સંભળાવી. ખેમો ટીપમાં પોતાનું નામ જોઇ રાજી થઇ કહેવા લાગ્યો કે સેવકને સંભાર્યો એ બહુ સારૂં કર્યું. આને માટે મારા પિતાને પુછી જવાબ આપું છું. ખેમો પિતાને પુછવા ગયો ત્યારે તે રાજવી સરખા ઉદાર દિલના પિતાએ પુત્રને કહ્યું કે બેટા આવો અણમેલો સમય ફરીફરી નહી આવે. આતો ઘેર બેઠાં ગંગા આવી છે. તારાથી જેટલો લાભ લેવાય તેટલો લઇ લે. [1] ખેમા, જે મનુષ્ય સમયને જાણે તે જ બહુ ઉદાર નર છે, માટે આ પચીસમા તીર્થંકર સરખા સંઘનું માન તારાથી થાય તેટલું થોડું છે. પિતાનો આવો સચોટ ઉપદેશ સાંભળી ખેમો ઘણો રાજી થયો. જેના પિતા ઉદાર દિલના હોય તેનો પુત્ર પણ તેવો જ હોય તેમાં નવાઇ નથી. બસ થઇ ચુક્યું. પિતાની આજ્ઞા મળી ચુકી એમ સમજી ખેમો વાજતે ગાજતે સંઘ પાસે આવ્યો, અને તેમનાં વખાણ કરી પોતે જણાવ્યું કે સંઘે મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. હું સંઘનો બદલો આપવાને સમર્થ નથી પરંતુ મારી એટલી વિનંતી છે કે મારા ૩૬૦ દિવસો સ્વીકારો. મહાજન તો આ સાંભળી દીંગ થઇ ગયું. એક મેલાંઘેલાં કપડાંવાળો તેની આટલી બધી ઉદારતા, અરે સાથે તેનો વિનય અને ભક્તિ જોઇ કેટલાકને તો એમ લાગ્યું કે આ મોઢાની મીઠાશ લાગે છે. નહિતર આવો પૈસાદાર ગૃહસ્થ આવી સ્થિતિમાં કેમ સંભવી શકે? ત્યાં તો ચાંપશી મહેતો બોલ્યો–ખેમા, પોતાની શક્તિ હોય તેથી ચડ્યું બોલીયે તો ઠીક નહી, નહીંતર તેની કીંમત નથી રહેતી. માટે જે બોલવું હોય તે વીચારીને બોલો. ત્યારે ખેમો બોલ્યો–શેઠ મેં તો બહુ વિચાર કરીને અને મારી શક્તિથી હજી ઓછું બોલ્યો છું. શ્રીમંતાઇમાં ઉછરેલા અને શ્રીમંતાઇનો મોભો જાળવનાર ચાંપશી મહેતો તો આભો જ બની ગયો અને વિચાર કર્યો કે આની પાસે કંઇક હશે નહીંતર આટલી હીંમત ન ભીડે. પછી શેઠે ખેમાને કહ્યું શેઠ તમે તમારાં આ મેલાંઘેલાં કપડાં ઉતારી નાઇ ધોઇ સારાં કપડાં પહેરો; ત્યારે તે ઉદાર દીલના ખેમે શેઠને વિનયથી કહ્યું કે–શેઠ

---

૧ ખેમા જાણ જે ઘર બેઠા આવી ગંગા યાહુણીરે,
ખેમા અવશે આચાર, ખેમા ભેદ રાખીશરે ૧૦૭
ખેમા પચવીસમો તીર્થંકર જીનેશરે ભાષીયોરે,
ખેમા ખરચે નહી ધન ધર્મ મતકો નર રૂડોરે. ૧૦૮
ખેમા હેમ ડુંગરી નવ્યનીધ્ય તે સાગરમાં રહીરે,
ખેમા લો સરીની રીદ્ધ હતી તે ક્યાં ગઇરે. ૧૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમે વીવા વાર તહેવાર સવાંગ ન પાલટું રે,
નવી જાણું સાલ દુશાલ,........... ૧૧૮
અમે ગામડીયા ગમાર, નગર ના જાણીયેરે,
અમે મેલડીયા હીંગતોલ અમે તો વાણીયારે. ૧૧૯

સ્વપ્નેય નહિ ધારેલો ખેમાનો ઉત્તર સાંભળી શેઠ તો વિસ્મય પામી ગયા અને મનમાં વિચાર કરવા લાગ્યા કે ધન્ય છે એની ઉદારતાને અને સત્યને શોભાવે તેવા તેના વિનયને. ચાંપશી મહેતાએ ખેમાને કહ્યું કે શેઠ શ્રીમંત કે દાતા તો તમે છો, અમે તો તમારા નોકર થવાને યોગ્ય છીએ. પછી મહાજન ખેમાને પાલખી[1]–મયાનામાં બેસાડી ચાંપાનેર લાવ્યા. મહાજન તેને પાદશાહ પાસે લઇ ગયું અને જણાવ્યું કે પાદશાહ આ શેઠ ૩૬૦ દીવસે આપશે. પાદશાહ તો આ મેલાં ઘેલાં જાડાં કપડાં જોઇ આશ્ચર્ય પામતો તેને પુછવા લાગ્યો કે તમારે ઘેર કેટલાં ગામ છે; ત્યારે ખેમો બોલ્યો–મારે ઘેર બે ગામ છે. પાદશાહે પુછ્યું–ક્યાં કયાં બે ગામ છે? ત્યારે તેણે કહ્યું પળી અને પાલી. પલી અને પાલી પાદશાહ આગળ મુકી કહ્યું–આ બે ગામ છે. પળી ભરીને આપું છું અને પાલી ભરીને લઉં છું

તવ ખેમો બોલીયો મહારે છે બે ગામ,
સાહ કહે જો ગામ રે, દેતું કયા કયા નામ. ૧૨૯
મુકે તવ પાલી પળી મુખ આગલ સુલતાંન,
દેઊ તેલ પલી ભરઇ પાલીયું લેઉં ધાન. ૧૨૭

પાદશાહ આ સાંભળી ઘણો ખુશ થયો અને વિચારવા લાગ્યો કે મારી પ્રજામાં આવા ઉદારચરિત ભડવીર નરો વસે છે માટે મારે પણ ખુશી થવા જેવું છે.

ત્યાર પછી પાદશાહે ખુશી થઇ મહાજનને પણ બીરૂદથી નવાજયા અને ત્યારથી એક શાહ વાણીયો અને બીજો શાહ બાદશાહ આ કહેવત બરાબર ચાલતી રહી.

ખરેખર ધન્ય છે ખેમાની ઉદારતાને તેના વિનયને તેની સાદાઇને કે જે પાદશાહ એટલે તે વખતના મનાતા દેવસરખા પુરુષ પાસે જતાં જેણે પોતાની સાદાઇ નમ્રતા ન છોડી. અંતે તેણે એક વરસ સુધી દુષ્કાળમાં પુષ્કળ પૈસો ખર્ચી ગુજરાતને ઉગાર્યું અને શાહની પદવી સાચવી. અત્યારે તે રૈયત નથી છતાં તેની ઉદારતા ગુજરાતીની સેવા તેનું ગાંભીર્ય સાદાઇ આદી ગુણો તો અત્યારે પણ સૂર્યના પ્રકાશની જેમ ઝળહળી રહ્યા છે. આવા ઉદાર અને દિલાવર દિલના ગૃહસ્થના ગુણને ધન્યવાદ સિવાય આપણાથી શું બીજું આપી શકાય તેમ છે? તે દુષ્કાલનું વર્ષ પુરૂં થયા પછી સપવિત્ર તીર્થ શ્રી શત્રુંજયની યાત્રા કરી સ્વર્ગસ્થ થયો. તેવા સાધુપુરુષને આપણા કરોડવાર નમસ્કાર હો. સાથે અત્યારના આ ભારતવર્ષના સંઘમાંથી કોઇક ખેમો પાકે એમ ઇચ્છી હું આગળ વધીશ.

---

[1] તે વખતના સમયમાં પાલખીમાં બેસવું એ એક મહોટું માન ગણવામાં આવતું હોય તેમ જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩ જગડુશાહ (ગુજરાતનો કુબેર)

જે વખતે મહમદ બેગડો ગુજરાતમાં રાજ્ય કરતો હતો તે વખતે ૧૩૧૫ માં એક ભયંકર દુષ્કાળ પડયો હતો. એ દુષ્કાળ એકલા ગુજરાતમાં નહોતો પરંતુ કચ્છ, સીંધ, પંજાબ, દક્ષિણ આદિ દરેક દેશોમાં તેનું જોર સખત હતું. જેમ ગુજરાતમાં ખેમાદેરાણીએ તે વરસમાં લોકોને અન્નપાણી પુરાં પાડયાં હતાં તેવી રીતેજ સીંધ, કચ્છ, માળવા, પંજાબ, દક્ષિણ આદિ દેશમાં જગડુશાહે અન્ન પાણી પુરાં પાડવાની ઉદારતા દર્શાવી પોતાના ધનનો સદુપયોગ કર્યો હતો. જગડુશાહ વિક્રમની ૧૪ મી સદીમાં વિદ્યમાન હતો. તેનો જન્મ કચ્છ–ભદ્રેશ્વરમાં થયો હતો. તેના પિતાનું નામ સોલ્હા—સોખા હતું અને માતાનું નામ ખેતી હતું. સોલ્હા પોતે બહુ ગરીબ હતો–એક વખતે અમુક નિમિત્તે તેને ખબર પડી કે તેના ઘરમાં ધન દાટેલું છે એટલે પોતે તે ધન કાઢી લીધું અને પોતાનો દારિદ્રયડુંગર ભેદી નાખ્યો. ત્યાર પછી થોડા સમયમાં ૧૩૧૫ માં ભયંકર દુષ્કાળ પડયો અને તેમાં અનેક મનુષ્ય અન્નપાણી વિના મોતને શરણ થતાં ગયાં. જગડુને આ દેખી દયા આવે એ બનવા જોગ છે. તે વખતે તેણે દરેક દેશના રાજાઓને પોતાની ખાણુમાં ભરેલું અન્ન આપ્યું અને તેમાં સિદ્ધના રાજ હમીરને ૧૨૦૦૦ મુડા અનાજ આપ્યું; ઉજ્જયનીના રાજા મદનવર્માને ૧૮૦૦૦ મુડા અનાજ આપ્યું; દીલ્હીના બાદશાહ મોજઊદીનને ૨૧૦૦૦ મુડા અનાજ આપ્યું; પ્રતાપસીંહને ૩૨૦૦૦ મુડા અનાજ આપ્યું; કંદહારના મહારાજાને ૧૨૦૦૦ મુડા અને પાટણના રાજા વિમલદેવને ૮૦૦૦ મુડા ધાન્ય આપ્યું. આવી રીતે ૯૯૯૦૦૦–નવલાખ નવાણું હજાર મુડા ધાન્ય આપ્યું. તેની ઉદારતા હજી આટલેથી નથી અટકી. તેણે ૧૧૨ સાર્વજનિક દાનશાળા મંડાવી હતી. હરકોઇ આવે અને જમે. એમ કહેવાય છે કે દરરોજ લાખ મનુષ્યો આનો લાભ લેતા હતા. તેણે ૧૮ કરોડ દ્રમ્મ[૧] યાચકોને ભેટ આપ્યા હતા. આવી રીતે તે ભયંકર દુષ્કાળમાં અનેક મનુષ્યોને કોઇ પણ જાતનો જાતિભેદ રાખ્યા સિવાય છુટે હાથે દાન આપી તેણે તે વખતના "કુબેર"નું યોગ્ય પદ મેળવ્યું હોય તેમાં નવાઇ નથી. આવી રીતે તેણે જૈન ધર્મને દીપાવવામાં પણ મણા નથી રાખી. તેણે ૧૦૮ જૈન મંદિર બંધાવ્યાં હતાં અને પવિત્ર તીર્થાધિરાજ સત્રુંજયના ત્રણ વખત મહાન સંઘ કહાઢી યાત્રા કરી હતી. તેણે ભદ્રેશ્વરનું મહાન મંદિર પણ બંધાવ્યું હતું કે જેની કીર્તિ કલશને શોભાવી રહી છે. અત્યારે તો તે જગડુના ભદ્રેશ્વરનું જુનું નીશાન કે કંઇ પણ રહ્યું નથી. હજુ પણ કહેવાય છે કે નીચે ખોદતાં કેટલીક જુની હાથીદાંતની કારીગરી નીકળે છે. કાળની ગતિ વિષમ છે. ભલે જગડુ તો જીવતો નથી છતાં તેની કીર્તિ જ્વલંતભાવે પ્રકાશી રહી છે. ધન્ય છે જગડુ તને અને તારા દેશને કે જેણે પોતાના ભુગર્ભમાંથી તારા જેવાં નરરત્નો ઉત્પન્ન કર્યાં.

તા. ક. આ લેખ લખાઇ રહ્યા પછી મને જગડુશાહનું એક વધુ સાર્વજનિક ઉપયોગી કાર્ય–જેની નોંધ મને કાઠિયાવાડ સર્વસંગ્રહમાંથી મળી છે તે ખાસ ઉપયોગી અને તેના જીવનમાં નવો પ્રકાશ પાડનાર હોવાથી હું અક્ષરશઃ તેનો ઉતારો આપું છું.

---

૧ તે વખતનું ચલણી નાણું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"ગાંઢવીની પાસે કેટલીક નાની નાની ડુંગરીઓ છે. તે કોયલાની ડુંગરીઓ કહેવાય છે. કહે છે કે પાર્વતીને શિવની સાથે કલહ થયો તેથી તેણે કોયલ સ્વરૂપ ધારણ કરી અહીં વાસ કર્યો હતો ત્યારથી એ ડુંગરીઓ કોયલા ડુંગરીઓ નામે ઓળખાતી આવી છે. ડુંગરીઓ નદીના તટ ઉપર જ આવેલી છે. એ ડુંગરી ઉપર હરસદ માતાનું (મહાકાળીનું) દહેરૂં છે; પણ ત્યાં કોઇ રહેતું નથી તેમ કોઇ જતું પણ નથી. હાલમાં એ માતાનું દહેરૂં ડુંગરીની તળેટીમાં આણેલું છે. દહેરૂં ડુંગરી પર હતું ત્યારે જે કોઇ વહાણની દષ્ટિએ તે પડતું તે જરૂર ભાંગતું જ. આખરે કચ્છના એક વેપારી નામે જગડુશાહ જેનાં વહાણ અહીં ભાંગ્યાં હતાં તેણે ઘોર તપ આચરી મહા મહા દેહકષ્ટથી માતાને પ્રસન્ન કર્યાં ને તેમને ડુંગરીની તળેટીમાં ઉતરી આવવા વિનંતી કરી. માતાએ કહ્યું પગલે પગલે એક એક પાડાનું બલિદાન આપે તો ઉતરૂં. જગડુશાહ કબુલ થયો પણ માતા એટલાં ધીમે ધીમે ઉતર્યાં કે તળેટીમાં આવતા પહેલાં જ ભોગ આપવા આણેલા સઘળા પાડાઓ ખપી ગયા. ત્યારે જગડુશાહે પોતાની સ્ત્રીનો, છોકરાંનો ને છેલ્લે પોતાનો ભોગ આપ્યો. જગડુશાહની ભક્તિથી માતા ઘણાં તુષ્ટમાન થયાં ને તેને તથા તેની સ્ત્રી છોકરાંને સજીવન કરી બોલ્યાં 'પુત્ર, વર માગ.' વણિકે વર માગ્યો કે "મારો વંશ અક્ષય રહે" એટલે માતા 'તથાસ્તુ' બોલી અંતર્ધાન થયાં ને ડુંગરીની તળેટીમાં આવી વાસ કીધો. તે વખત પછી ત્યાં આગળ વહાણો ભાંગતાં પણ બંધ થયાં. તળેટીમાં તેનું દહેરૂં જગડુશાહ શેઠે બંધાવ્યું છે." (કાઠિયાવાડ સર્વસંગ્રહ પૃ. ૩૪૫) આ તેના અદ્દભુત આત્મત્યાગથી વાંચકો સમજી શકશે કે તેને દરેક મનુષ્ય ઉપર કેટલો પ્રેમ હતો. તેણે ભેટને માટે બૈરી છોકરાં અને અંતે પોતાનો આત્મા પણ આપ્યો. જૈનો પરોપકારી કાર્યોમાં પણ કેવી રીતે મરી જાણે છે તેનું આ જ્વલંત દૃષ્ટાંત જગત આગળ ચિર કાલ સુધી રહેશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org